ડિસ્ટ્રીકટ જજની ૭૫ નવી જગ્યા ઉભી કરાશે

રાજયમાં ૨૫ એટ્રોસીટી, ૫ એનડીપીએસ એકસકલુઝીવ, ૧૫ પોકસો કોર્ટ સ્થપાશે : ઋષિકેશ પટેલ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

રાજયના ૨૫ જિલ્લાઓમાં એટ્રોસીટીની ૨૫ નવી કોર્ટ ઉપરાંત પાંચ એનડીપીએસની એક્સકલુઝીવ કોર્ટ ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. એવી જ રીતે, નેગોસીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના કેસોમાં નાગરિકોને ઝડપથી ન્યાય મળી રહે તે માટે એક્સકલુઝીવ નેગોસીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની એપેલેટ કોર્ટની સ્થાપના કરવાનું અને કેસના ભારણના આધારે વિવિધ જિલ્લામાં વધુ ૧૫ જેટલી નવી પોક્સો કોર્ટ ઉભી કરવાનું નક્કી કરાયું છે. આ માટે, રાજ્ય સરકારે, કાયદા વિભાગના બજેટમાં રૂ. ૨૦૧૪ કરોડની જોગવાઇ કરી છે, એમ આજે વિધાનસભા ગૃહમાં કાયદા વિભાગની આ અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાના પ્રત્યુતરમાં કાયદામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

કાયદામંત્રીએ જણાવ્યું હતું કે, ન્યાય પ્રણાલી અને જસ્ટીશ ડિલીવરી સિસ્ટમ મજબૂત હશે તો જ પ્રજાના નાગરિક અધિકારોની રક્ષા થશે. ન્યાયિક પ્રક્રિયા સરળ થાય અને વિવાદોનું ઝડપી નિરાકરણ આવે તે હેતુથી રાજ્ય સરકારે ૩૨ જિલ્લાઓ અને ૨૫૧ તાલુકા સ્તરે કોર્ટો કાર્યરત કરી છે.

રાજ્ય સરકારે ન્યાયાધીશોનું ૧૫૮૨નું મહેકમ પણ મંજૂર કર્યું છે. આ ઉપરાંત આ વર્ષના બજેટમાં ડિસ્ટ્રીક્ટ જજની ૭૫ નવી જગ્યા ઉભી કરવાનું નક્કી કર્યુ છે. સરકારે, રાજ્યના ૨૫ જિલ્લાઓમાં એટ્રોસીટીની ૨૫ નવી કોર્ટો ઉપરાંત અમદાવાદ, કચ્છ, સુરત, બરોડા અને બનાસકાંઠા ખાતે પાંચ એન.ડી.પી.એસની એક્સકલુઝીવ કોર્ટ ઉભી કરવાની જાહેરાત કરી છે.અમદાવાદ સીટી સિવિલ, રાજકોટ, સુરત અને બરોડા ખાતે બે-બે એક્સકલુઝીવ નેગોસીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ : ૧૩૮ની એપેલેટ કોર્ટની સ્થાપના કરાશે. અમદાવાદમાં થતા આર્થિક વ્યહવારોની વિશ્વસનીયતા અને છેતરપીંડી કરનારાઓ સામે સમયસર કાર્યવાહી થઈ શકે અને વેપારી વર્ગને સમયસર ન્યાય મળે તે માટે અમદાવાદ મેટ્રો પોલીટ્ન કોર્ટ ખાતે ચેક બાઉન્સના કેસોની ૨૫ એસ્સ્કલુઝીવ કોર્ટ આગામી વર્ષમાં સ્થાપવામાં આવશે.

હાલમાં કોમર્શિયલ કોર્ટનાં નોટીફીકેશનમાં ફેરફાર આવવાથી રૂ.૫૦ લાખ ઉપરની અપીલ જે વડી અદાલતમાં જતી હતી, તે હવે ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં થશે.

આથી રાજકોટ, બરોડા, સુરત, અમદાવાદ, અમદાવાદ ગ્રામ્ય કોર્ટ મળી ૪ મોટા ન્યાયિક જિલ્લાઓમાં ૩-૩ કોમર્શિયલ કોર્ટ ઈઝ ઑફ ડુઈંગનાં ભાગરૂપે શરૂ કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટનાં હુકમ અનુસાર પોક્સો માટે જે સ્ટેશનમાં ૧૦૦ કરતાં વધુ કેસોની સંખ્યા હોય ત્યાં અલાયદી કોર્ટ ઉભી કરવી આવશ્યક છે. રાજ્ય સરકારે બીજી ૧૫ જેટલી નવી પોક્સો કોર્ટ કેસના ભારણના આધારે વિવિધ જિલ્લામાં ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.

હવે, તબક્કાવાર એડિશનલ ડિસ્ટ્રીકટ જજની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરાશે

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

ગુજરાતના તમામ જિલ્લાઓના મુખ્ય જિલ્લા ન્યાયાધીશોની અદાલતોનું જીવંત પ્રસારણ શરૂ કરાયું છે. દેશભરમાં કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરનાર ગુજરાત હાઇકોર્ટ દેશની પ્રથમ વડી અદાલત છે. જિલ્લા કક્ષાએ પણ અદાલતોની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે છે. હવે, તબક્કાવાર અન્ય એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજની જીવંત પ્રસારણની કાર્યવાહી વડી અદાલત દ્વારા કરવામાં આવશે,એમ આજે વિધાનસભા ગૃહમાં કાયદા વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું

કાયદામંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે કુલ રૂ. ૨૬૩.૧ કરોડની વહીવટી મંજૂરી, અમદાવાદ ખાતે હાઇકોર્ટ સ્ટાફ અને તાબાની અદાલતના કર્મચારીઓ માટે ૪૯૨ ક્વાટર્સ બનાવવા અને અન્ય ૧૨ જિલ્લામાં પણ ન્યાયિક સ્ટાફ ક્વાટર્સ માટે સૈધાન્તિક મંજૂરી આપવામાં આવી છે.

કોર્ટોના પણ રેકર્ડ ડિજિટલાઇઝ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વડી અદાલતની દરખાસ્ત મુજબ જરૂરી ફંડની જોગવાઇ બજેટમાં કરી છે. આ ડીજિટલાઇઝેશન થવાના કારણે વડી અદાલત દ્વારા ૨૪મી, માર્ચ, ૨૦૨૦થી વિડિઓ કોન્ફરન્સિંગના માધ્યમથી કેસોની સુનાવણી શરૂ થઇ છે. વડી અદાલતમાં કેસોની ઇ-ફાઇલીંગ અને ઇ-કોર્ટ ફીની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે.

વડી અદાલત દ્વારા ગુજરાત રાજ્યની જનતાને સામાજિક રીતે સ્પર્શતા મુદ્દાઓના ચુકાદાઓ માતૃભાષામાં ઉપલબ્ધ થાય તે હેતુસર ગુજરાતીમાં અનુવાદિત ચુકાદા દરેક કાર્યકારી દિવસ દીઠ એક ચુકાદો વડી અદાલતની વેબસાઇટ પર અપલોડ કરવાની શરૂઆત કરવામાં આવી છે. વિડિઓ કોન્ફરન્સીંગથી ચાલતી વર્ચ્યુઅલ અદાલતની કાર્યવાહી માટે ખુલ્લી અદાલતના સિદ્ધાંતના અમલીકરણને અસરકારક તેમજ વિસ્તૃત કરવાના હેતુથી ચીફ જસ્ટીસ, ગુજરાત હાઇકોર્ટની કોર્ટ કાર્યવાહીનું યુટ્યુબ પર જીવંત પ્રસારણ ગુજરાત હાઇકોર્ટ દ્વારા ચાલુ કરવામાં આવ્યુ છે.

ડ્યુરેક્સે સ્કીન જેવી વાસ્તવિક અનુભૂતિ પૂરી પાડવા માટે તેના સૌપ્રથમ નોન-લેટેક્સ કોન્ડમ્સ લોન્ચ કર્યા!

જાતીય સુખાકારીને લગતી વિશ્વની નં. ૧ બ્રાન્ડ ડ્યુરેક્સે 'ડ્યુરેક્સ રીયલ ફીલ' નામની પ્રોડક્ટ લોન્ચ કરી છે, જે કોન્ડમોની નોન-લેટેક્સ રેન્જમાં આ પ્રકારનું સૌપ્રથમ ઉત્પાદન છે.ડ્યુરેક્સ રીયલ ફીલ કોન્ડમ પોલીઆઇસોપ્રીન નામના મટીરિયલમાંથી બનેલું છે, જે લેટેક્સ રબર કરતાં વધુ નરમ છે અને આમ તે યુગલને ચામડીથી ચામડીના સ્પર્શની અનુભૂતિ આપે છે.આ લોન્ચ દ્વારા બ્રાન્ડનો ઉદ્દેશ્ય ગર્ભનિરોધની સુવિધા પૂરી પાડવાની સાથે-સાથે ચામડી જેવી કુદરતી અનુભૂતિ પૂરી પાડી યુગલોની વચ્ચે જાતીય સમાગમને તીવ્ર બનાવવાનો અને તેમને વારંવાર એકબીજાની નિકટ લાવવાનો છે. ડ્યુરેક્સના કન્ઝ્યુમર ઇન્સાઇટ મુજબ લોકો કોન્ડમનો ઉપયોગ કરવાનું બંધ કરી રહ્યાં છે, તેની પાછળનું મુખ્ય કારણ આનંદનો અભાવ છે. સામાન્ય કોન્ડમની રબર જેવી અનુભૂતિ આ અંતરંગ ક્ષણોનો આનંદ છીનવી લે છે. ડ્યુરેક્સ રીયલ ફીલ વપરાશકર્તાઓને અસલી ચામડી જેવી અનુભૂતિ પૂરું પાડતું હોવાથી, યુગલને બેડરૂમમાં અસલી અને કુદરતી જાતીય અનુભૂતિ પ્રાપ્ત થાય છે.આ લોન્ચ ખરેખર વિશિષ્ટ છે અને તેને ભારતના સૌથી આધુનિક કોન્ડમ મટીરિયલમાંથી બનાવવામાં આવેલું છે, જે વપરાશકર્તાઓને તેમના સાથી સાથે ભાવનાત્મક અને શારીરિક જોડાણને ઘનિષ્ઠ બનાવવામાં મદદરૂપ થાય છે રેકિટના સાઉથ એશિયા - હેલ્થ એન્ડ ન્યુટ્રિશનના રીજનલ માર્કેટિંગ ડિરેક્ટર દિલેન ગાંધીએ જણાવ્યું હતું કે, 'ભારતની સૌથી મોટી કોન્ડમ બ્રાન્ડ્સમાંથી એક તરીકે ડ્યુરેક્સ સતત નવીનીકરણ કરી રહી છે અને યુગલોને વિશિષ્ટ પ્રકારના નવા-નવા ઉત્પાદનો પૂરાં પાડે છે. ડ્યુરેક્સ રીયલ ફીલ ગર્ભનિરોધની આવશ્યકતા સાથે બાંધછોડ કર્યા વગર અસલી સ્કીનની અનુભૂતિ પૂરી પાડીને કોન્ડમ વગર સમાગમ કરવાની ઘણાં લોકોની ઇચ્છાને સંતોષે છે.કોન્ડમ્સની આ તાજેતરની રેન્જને પોલીઆઇસોપ્રીન રબરનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી છે, જે નોન-લેટેક્સ છે અને તે કુદરતી રબર લેટેક્સ કરતાં વધુ નરમ હોવાથી યુગલોને વધુ ઘનિષ્ઠ અને કુદરતી જાતીય સુખનો અનુભવ પૂરો પાડે છે.' હવસ ગ્રૂપ ઇન્ડિયાના ચેરમેન અને ચીફ ક્રીયેટિવ ઑફિસર બોબી પવારે જણાવ્યું હતું કે, 'જાતીય સુખાકારીનું માર્કેટ સતત વિકસી રહ્યું છે અને છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન આપણને ઘણાં બધાં નવીનીકરણો જોવા મળ્યાં છે, ખાસ કરીને કોન્ડમની કેટેગરીમાં. ભારત જેવા માર્કેટમાં કે જ્યાં લોકો અવાસ્તવિક અનુભૂતિ આપનારા અને આનંદ છીનવી લેનારા કોન્ડમનો ઉપયોગ કરવાને બદલે અસુરક્ષિત જાતીય સમાગમ કરવાનું વધારે પસંદ કરતા હોવાથીઅમે એક એવી ટીવીસીની પરિકલ્પના કરી છે, જે લોકોને અસલી અનુભૂતિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય અને જાતીય સમાગમ દરમિયાન વધુ આનંદ અને ઉત્કટતાનો અનુભવ કરાવે.રીયલ ફીલ એ કોઈ સામાન્ય કોન્ડમ નહીં હોવાથી તેને ભારતના સૌથી આધુનિક મટીરિયલમાંથી બનાવવામાં આવેલું છે, જે ચામડીથી ચામડીના સંસર્ગની વાસ્તવિક અનુભૂતિ પૂરી પાડે છે.' નવા ડ્યુરેક્સ રીયલ-ફીલની ટીવીસીમાં દર્શાવવામાં આવ્યું છે કે, આ નવું ઉત્પાદન કેવી રીતે કુદરતી ચામડી જેવી અનુભૂતિ પૂરી પાડીને વપરાશકર્તાના બેડરૂમના અનુભવને સુધારે છે. ખ્યાતનામ એડ-ફિલ્મનિર્માતા દિબાકર બેનરજી દ્વારા નિર્દેશિત આ લેટેસ્ટ ટીવીસી બીચ વેકેશન માણી રહેલા યુગલ પર કેન્દ્રીત છે અને તે બ્લેક એન્ડ વ્હાઇટમાંથી કલરમાં ફેરવાઈ જાય છે, જે એ દર્શાવે છે કે, ડ્યુરેક્સ રીયલ ફીલ કેવી રીતે યુગલના નિરસ જાતીય જીવનમાં નવા રંગો ભરી દે છે

ડો.શાહે પોતે પણ અંગદાનનો સંકલ્પ લીધો હોવાનું પણ જાહેર કર્યું

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

આજે વિધાનસભા ગૃહમાં આરોગ્ય વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો.દર્શિતા શાહે વિધાનસભા ગૃહના તમામ સભ્યોને અંગદાનના માધ્યમથી વધુને વધુ જીવનદાન આપી શકાય તેવા સંકલ્પ માટે વિનંતી કરી હતી. ડો.શાહે પોતે પણ અંગદાનનો સંકલ્પ લીધો હોવાનું પણ જાહેર કર્યું હતું. ડો.શાહે કહ્યું હતું કે, વિશ્વમાં સૌથી પહેલા ટ્રાન્સપ્લાન્ટ સર્જન જો કોઇ હોય તો એ દેવાધિદેવ મહાદેવ છે. કે જેમણે ભગવાન ગણપતિના મસ્તિકમાં પ્રયારોપણ કર્યું હતું. એ જ રીતે આપણી ભારતીય સંસ્કૃત્તિ પ્રમાણે મહર્ષિ દધિચિએ પણ પોતાના હાડકાનું અંગદાન કરીને ઇન્દ્રને વ્રજદાન બનાવવા માટે આપેલું હતું અને તેના માધ્યમથી ઇન્દ્રલોક બનાવવામાં આવેલ હતું. તેમણે વધુમાં જમાવ્યું હતું કે, જો એક વ્યક્ત અંગદાનનો સંકલ્પ કરે તો તે ૮થી પણ વધારે વ્યક્તિની જીંદગી બચાવી શકે છે.

પશ્ચિમ રેલ્વે

ફેરફાર અને કમીશનીંગ ઓફ ઇએચટી લાઇન ક્રોસિંગ

નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર, (બાંધકામ) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા દ્વારા ઈ-ટેન્ડર ટીઆર-સી-૧૦-૨૦૨૨ તા. ૧૦.૦૩.૨૦૨૩. કાર્ય અને સ્થાન: ડભોઇ સંખેડા ઇએચટી લાઇન ક્રોસિંગમાં ફેરફાર, ડભોઇ જંક્શન - સમલયા જંક્શનના સંબંધમાં ઇએચટી લાઇનને તોડવા, સ્ટ્રીંગિંગ અને કમિશનિંગ સહિત. આશરે. કામની કિંમત: રૂ. ૭૮૦૨૪૫૨.૮૪. બિડ સુરક્ષા: રૂ. ૧૫૬૧૦૦/-. બિડિંગ શરૂ થવાની તારીખ અને સમય: ૨૩.૦૩.૨૦૨૩ના રોજ. ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય: ૦૬.૦૪.૨૦૨૩ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને મુલાકાત લો: www.ireps.gov.in

Like us on: facebook.com/WesternRly 0951

આરોપી અપૂર્વ દિનેશભાઈ પટેલ ભાગેડું જાહેર ભાળ મળ્યે માંજલપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા, તા.૧૬

માંજલપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સમૃદ્ધિ બંગલો, વિશ્વામિત્રી ટાઉનશિપ સામે રહેતા અપૂર્વ દિનેશભાઈ પટેલને કોર્ટે ભાગેડું જાહેર કર્યો છે. આરોપી પર માંજલપુર પોલીસ સ્ટેશનમાં કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬ હેઠળ ગુન્હો નોંધાયેલ છે. આરોપીએ મેપલ વિલા નામની સ્કીમમાં ફરીયાદીને બંગલા નં. એ/૩ વેચાણ પેટે નક્કી થયેલ રકમ રૂ.૬૬,૦૦,૦૦૦/- ની તમામ ટેક્ષ સાથે લોનથી તેમજ ચેકથી ચુકવેલ તેમજ વધુમાં રૂ.૯૪,૦૦૦/- તેમજ દસ્તાવેજ પેટે રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂ.૬૮,૪૪,૦૦૦/- ચુકવેલ હોવા છતાં સને ૨૦૧૭ થી આજદિન સુધી આરોપીએ દસ્તાવેજ કરી આપવામાં ન આવતા તથા બંગ્લાનું બાકી રહેલ કામ આજદિન સુધી પુરૂ કર્યું નથી. અવાર નવાર ફરીયાદી પાસે રૂ.૧૦,૭૨,૦૦૦/- આપવાની નોટીસ મોકલી ફરીયાદીને માનસીક ત્રાસ આપી તેમજ ફરીયાદીએ આરોપીને દસ્તાવેજ કરી આપવાનું કહેતા આરોપીએ ફરીયાદીને તમોને આજીવન દસ્તાવેજ નહી કરી આપુ તથા ફરીયાદીની જીંદગી બરબાદ કરી નાંખીશ તેવી ધમકી આપી હતી.

આજદિન સુધી વેચાણ દસ્તાવેજ કે બંગલાના જરૂરી દસ્તાવેજી પુરાવા તેમજ કમ્પલીસન સર્ટી બી.યુ. સર્ટી તેમજ લાઇટ પાણીની સુવીધાઓ પુરી નહી પાડી ફરીયાદી સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી ગુનો આચરીને આરોપી નાસ્તો ભાગતો હોવાથી ભાગેડું જાહેર કરવામાં આવ્યો છે. આરોપી અંગે કોઇ માહીતી મળે માંજલપુર પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવામાં માટે જણાવાયું છે.

ક્લિયરટ્રિપ ૯૦+થી વધુ શહરોમાં બસ સર્વિસ અને NationOnVacationની પ્રથમ આવૃત્તિ લોન્ચ કરે છે

આગામી ઉનાળુ રજાઓ આવતા પૂર્વે ફ્લિપકાર્ટ કંપની ક્લિયરટ્રિપએ પોતાની એપ પર બસ સર્વિસની ઘોષણા કરી છે જેથી સારામાં સારી ટ્રાવેલ કનેક્ટિવીટીની ખાતરી કરી શકાય. હાલમાં, તે ૧૦લાખ બસ કનેક્શન્સની ઇન્વેન્ટરી ધરાવે છે અને ભારતમાં સૌથી મોટું બસ નેટવર્ક સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. કંપનીએ અસંખ્ય રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ નિગમો અને રાષ્ટ્રભરના ખાનગી બસ ઓપરેટર્સ સાથે ભાગીદારી કરી છે. તે બરોડામાં ૨૦૦ જેટલા બસ ઓપરેટર્સને ઓનબોર્ડ ધરાવે છે નવી બસ બુકીંગ બિઝનેસ અતુલનીય સાનુકૂળતા અને પારદર્શકતા મારફતે ગ્રાહકોની અગત્યની જરૂરિયાત પર ધ્યાન આપશે. તેના અગત્યના ફીચર્સમાં ૨૪★૭ વોઇસ હેલ્પલાઇન, કોઇ છૂપા ખર્ચ નહી, ઝડપી રિફંડ અને સરળ કેન્સલેશનનો સમાવેશ થાય છે. લોન્ચ ઓફરના ભાગરૂપે વપરાશકર્તા 'ઝીરો કન્વીનિયન્સ ફી' અને ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી દરેક બસ બુકીંગ પર ૧૦% છૂટનો લાભ લઇ શકે છે. તેમાં બોનસ તરીકે કંપનીએ સૌથી મોટું સમર સેલ - NationOnVacationને પણ ખુલ્લુ મુક્યુ છે. હોટેલ્સ, ફ્લાઇટ્સ અ બસ પર ઉદ્યોગમાં સૌપ્રથમ ઓફરિંગ્સ સાથે ક્લિયરટ્રિપની પ્રથમ આવૃત્તિ ટોચની IP તરીકે ઉભરી આવી છે, જે એક વાર્ષિક બાબત બની રહેશે અને અગાઉ ક્યારેય ન અનુભવી હોય તેવી મુસાફરીને પોસાય તેવી બનાવશે. આ રોમાંચક પ્રગતિ પર બોલતા ક્લિયરટ્રિપના ચિફ બિઝનેસ ઓફિસર પ્રહલાદ કિશ્નામૂર્તિએ જણાવ્યુ હતુ કે, ક્લિયરટ્રિપક ખાતે અમે જે પ્રત્યેક નિર્ણય લઇએ છીએ તે અમારા યૂઝર્સને પસંદગી, સ્પષ્ટતા અને નિયંત્રણથી સશક્ત બનાવવાનો હોય છે અને બસનો પ્રારંભ તેનાથી અલગ બાબત નથી. આ નવો પ્રયત્ન વધુ વિશ્વસનીય અને સંકલિત ટ્રાવેલ ભાગીદાર તરીકેની વધુ સ્થિતિને મજબૂત બનાવવવામાં, ગ્રાહકો સાથેની સામેલગીરીને વધુ ઊંડી બનાવશે અને મુસાફીને સરળ બનાવવામાં મદદ કરશે. ઉનાળાની રજાઓ વય જૂથો અને ભૌગોલિક વિસ્તારોમાં વિશેષ સ્થાન ધરાવે છે.

NationOnVacationની શરૂઆત સાથે, અમે ઉનાળા અને પ્રવાસ પ્રત્યેના ભારતના પ્રેમની ઉજવણી કરવા માંગીએ છીએ. આ સોદાઓ સાથે, પ્રવાસીઓ છેલ્લી ઘડીએ મુશ્કેલી વિના આયોજન કરી શકે છે, શ્રેષ્ઠ કિંમતોનો લાભ લઈ શકે છે અને શ્રેષ્ઠ મુસાફરીનો અનુભવ માણી શકે છે. ૨૨ માર્ચ ૨૦૨૩થી શરૂ થતા NationOnVacation એ ૯-દિવસની મુસાફરીની અસાધારણ ઓફર છે જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રૂ ૯૯૯ અને રૂ. ૪૯૯૯થી શરૂ થાય છે અને ખાસ કરીને લોકપ્રિય પ્રવાસન સ્થળો માટે રચાયેલી ઑફર્સ છે. વપરાશકર્તાઓ માટે વિકલ્પોના સૌથી મોટા સંગ્રહને સુનિશ્ચિત કરવા માટે ક્લિયરટ્રિપએ ૪૦+ એરલાઇન ભાગીદારો અને ૮૦૦૦૦+ સ્થાનિક અને ૪લાખ+ આંતરરાષ્ટ્રીય હોટલોને ઓનબોર્ડ કરી છે. ઉચ્ચ-મૂલ્યની કેટલીક ઑફર્સમાં નીચેનાનો સમાવેશ થાય છે

રાજ્યમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના કેસોમાં ૧૫૦ ટકાનો વધારો

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં કોરોનાના કેસો ૧૦૦નો આંક વટાવીને ૧૧૯ થયા

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના કેસોમાં ૧૫૦ ટકાનો વધારો થવા પામ્યો છે. બીજી બાજુ ગત ૨૪ કલાકના નોંધાયેલા કોરોનાના કેસોની સામે ૩૦ ટકાનો વધારો થવા પામ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં કોરોનાના કેસો ૧૦૦નો આંક વટાવીને આજે ૧૧૯ કેસ નોંધાવા પામ્યા છે જેમાંથી ૫૩ ટકા કેસ અર્થાત ૬૩ કેસ અમદાવાદના છે. નોંધનીય બાબત એ છે કે, ગુજરાત સહિત દેશના અન્ય પાંચ રાજ્યોમાં કોરોનાની ચોથી લહેરમાં કેસો વધતા દેશના આરોગ્યમંત્રાલય દ્વારા કોરોનાની સંપૂર્ણ ગાઇડલાઇન જાહેર કરવા રાજ્યોને જાણ કરાઇ છે.

આજે નોંધાયેલા ૧૧૯ કેસમાં અમદાવાદમાં ૬૩, રાજકોટ અને સુરતમાં ૧૩-૧૩, મહેસાણામાં ૯, વડોદરા અને અમરેલીમાં ૪-૪, ભાવનગરમાં ૩, આણંદ, ભરૂચ, સાબરકાંઠા અને ગાંધીનગરમાં ૨-૨, જ્યારે નવસારી અને પોરબંદરમાં ૧-૧ કેસ નોંધાયા છે. બીજી બાજુ કોરોનાના ૨૦ દર્દીઓ સાજા થતાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૪૦૦ને વટાવીને ૪૩૫ થયો છે. જેમાં ૪ કોરોનાના દર્દી વેન્ટિલેટર પર છે જ્યારે ૪૩૧ દર્દી સ્થિર છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૯૭ વ્યક્તિઓએ કોરોનાની રસી લીધી છે.

મહેરબાન બારડોલીના ૭માં મોટર એકસીડન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ સાહેબની કોર્ટમાં, મુકામ, બારડોલી જી. સુરત

એમ.એ.સી.પી.નં.૬૭૮/૨૦૧૫
મુદત તારીખ-૨૭/૦૩/૨૦૨૩

અરજદાર : ભગુભાઇ દામજીભાઇ ચૌધરી

અરજદારના વકીલશ્રી
બી.ડી. કાપડીયા

વિરૂધ્ધ

સામાવાળા :- (૧) આનંદભાઇ જુગલકિશોર તિવારી
રહે-એસ.એચ.એચ. હાઇસ્કુલ, મુ.પો.બોડેલી,તા. સંખેડા જિ. વડોદરા
(૨) કિર્તિકુમાર વિરેન્દ્રસિંહ માત્રોજા
રહે-ગીતાનગર સોસાયટી, મુ.પો.બરોડા સંખેડા રોડ, તા. સંખેડા, જિ. વડોદરા

::: જાહેર નોટીસ :::

આથી સામાવાળા નં. ૧ અને ૨નાને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, સામાવાળા નંબર ૨ની ઇન્ડીકા કાર નંબર જી.જે.૬.સી.બી.૧૭૮૭ના ડ્રાઇવરે તા. ૨૦/૦૭/૨૦૦૭ના રોજ મોજે રૂપણ ગામની હદમાં માંડવી ઝંખવાવ રોડ, તા. માંડવી, જિ. સુરત મુકામે અકસ્માત સર્જેલ, કારણે ઉપર જણાવેલ અરજદારે આ ટ્રીબ્યુનલમાં નીચે જણાવ્યા મુજબ અકસ્માત વળતર મેળવવા ઉપરોકત નંબરથી અકસ્માત વળતર અરજી આ ટ્રીબ્યુનલમાં દાખલ કરેલ છે.

એમ.એ.સી.પી.નં.	કલેઇમની રકમ
૬૭૮/૨૦૧૫	૧૦,૦૦,૦૦૦/-

તમો સામાવાળા નં. ૧ અને ૨નાને તમારા ઉપરોકત સરનામે વારંવાર કોર્ટ દ્વારા નોટિસની બજવણી કરાવડાવવા છતાં નોટિસની બજવણી થતી નથી, જેથી આ જાહેર નોટિસથી તમોને ખબર આપી જણાવવાનુ કે તમો સામાવાળા નં. ૧ અને ૨નાએ તારીખ ૨૭મી માર્ચ સને ૨૦૨૩ના રોજ ૧૦-૩૦ કલાકે તમો જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે હાજર થવુ અને જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી ગણી સદરહુ વળતર અરજીનો એક તરફી નિકાલ કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેશો.

આજ તારીખ ૧૬મી માર્ચ સને ૨૦૨૩ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યું.

તૈયાર કરનાર (પી.ડી.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર (જી.એમ. પરમાર) સુપ્રિટેન્ડન્ટ | હુકમથી (એસ.જે.પંચાલ) ઇ.ચા.રજીસ્ટ્રારશ્રી એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ મુકામ, બારડોલી જીલ્લો-સુરત

વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ડભોઈ પાસેથી ભારતીય બનાવટનાં

વિદેશી દારૂનો જથ્થા સાથે બે ઈસમોને ઝડપ્યા રૂપિયા અગીયાર લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) ડભોઇ,તા.૧૬

વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે, બોડેલી તરફથી એક સ્વીફ્ટ ગાડી જેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લઈ ડભોઇ તરફ જઈ રહી છે. જે ચોક્કસ બાતમીના આધારે વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચે રાત્રિના સમય દરમિયાન ગોપાલપુરા પાસે વાહન ચેકિંગ સઘન બનાવી દીધું હતું. જે વાહન ચેકિંગ દરમિયાન ચોક્કસ બાતમી હકીકતવાળી સ્વીફ્ટ ગાડી બોડેલી તરફથી આવી રહી હતી. જેનો નંબર જી.જે. ૦૬ પી કે ૯૭૪૯ જેને પાયલોટિંગ કરી તેની પાછળ બીજી બ્લુ કલરની નંબર વગરની સ્વીફ્ટ આવી રહી હતી અને તે ગાડીમાં ભારતીય બનાવટનાં વિદેશી દારૂનો જથ્થો ડભોઇ તરફ લઈ જવાઈ રહ્યો હતો.

આ સમયે પોલીસનાં જવાનો બે પંચોના માણસોને સાથે રાખી ચેકિંગ કરી રહ્યા હતા, ત્યારે બ્યુ કલરની ગાડીના ચાલકે પોતાની ગાડી ડભોઇ તરફ હંકારી મુકેલ. જેને પોલીસનાં જવાનોએ પીછો કરી પણસોલી ગામથી સુવાલા તરફ જવાના રોડ પાસે પકડી પાડેલ. આ ગાડીને કોર્ડન કરી ચાલકનું નામઠામ પૂછતા તેનું નામ દિવ્યાંગ ભાઈ શૈલેષભાઈ પાટણવાડીયા રહે. શિરોલા ગામ, તા.ડભોઈ ,જી.વડોદરા હોવાનું જણાવેલ.

ડભોઇ નજીકથી વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચના જવાનોએ ભરતી બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા .જે તસ્વીરમાં નજરે પડે છે.
(તસ્વીર - નિમેષ સોની, ડભોઈ)

જે ગાડીમાં વચ્ચે અને પાછળના ભાગેની ડેકીમાંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂની પેટી નંગ ૩૦ જેમાં બોટલ નંગ ૬૯૬ જેની કિંમત રૂપિયા ૧,૦૪,૮૪૪ તથા સ્વીફ્ટ ગાડી નંગ ૨ જેની કિંમત રૂપિયા દસ લાખ તથા મોબાઈલ નંબર બે જેની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ આમ બધાં કુલ મળી રૂપિયા ૧૧,૧૪,૮૪૪ નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તેમજ બીજા ઈસમ રાહુલભાઈ કંચનભાઈ પાટણવાડીયા રહે. વેગા તા.ડભોઇ ,જી. વડોદરાનાઓને મુદ્દામાલ ભરેલ ગાડીનું પાયલોટિંગ કરી રહેલ તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર વિદેશ તોમર રહે. મધ્યપ્રદેશનાઓએ ભરી આપેલ. જેમાં રાહુલ અને દિવ્યાંગ બે ઈસમોને પોલીસે ઝડપી પાડેલ છે અને ભારતીય બનાવટનાં વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર ઈસમને શોધી કાઢવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આમ ઝડપાયેલાં ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમો મુજબનો ગુનો દાખલ કરી કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ મહત્વની વાત એ છે કે, છેલ્લા કેટલા સમયથી ડભોઇ નગર અનેતાલુકાની અંદર જે ગેરકાયદેસરનો વેપલો કરતાં ઈસમો નંબર પ્લેટ વગરના વાહનોનો ઉપયોગ કરતા હોય છે અને સરકારી તંત્રની આંખ મા